## *સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.*

ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૯૫/૨૦૨૬.

આંક–......

અરજદાર/આરોપીઃ દિપક સુભાષચંદ્ર તલેસરા (જૈન)
ઉ.આ.–૭૨ વર્ષ, ધંધોઃ વેપાર,
રહે.–મદાર ગામ, હોલી ચોક, બડગાંઉ પો.સ્ટે.,
જી.ઉદયપુર (રાજસ્થાન)
હાલ –મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**– વિરુદ્ધ –**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u>*** *બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.*

હાજર રહ્યા–
અરજદાર/આરોપી તરફે વિ. વ. શ્રી જી. એ. પોદાર.
સામાવાળા તરફે વિ. એ. પી.પી. ટી. એ. પંચોલી.

## – JUDGMENT –

૧. હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપીને સારોલી પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૭૨૫૦૮૪૩/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ ૩૧૬ (૫), ૫૪ મુજબના ગુનાના કામે તા.૧૩–૦૧–૨૦૨૬ ના રોજ અટક કરી વિ. કોર્ટમાં રજુ કરેલાના અને તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજના રીમાન્ડ મેળવેલ અને ત્યારબાદથી તેઓ જયુડી. કસ્ટડીમાં છે. જે કામે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૪ થી સોગંદનામું રજુ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી નિદોર્ષ છે અને કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. ગુનાના કામે ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. ત.ક.અ.એ ગુનાની તપાસ પુર્ણ કરી ચાર્જશીટ ફાઇલ કરી દીધેલ છે અને તેને ફો. કે. નં.૭૭૧૧/૨૦૨૬ પડેલ છે જેથી વધુ કોઇ તપાસ કરવાની રહેતી નથી અને હાલની અરજી ચાર્જશીટના ગ્રાઉન્ડસર કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/ આરોપીએ ફરીયાદી સાથે કોઇપણ પ્રકારનો વેપાર ધંધો કરેલ નથી કે કોઇપણ જાતની છેતરપીંડી કરેલ નથી. ગુનો બન્યાનો સમયગાળો તા.૨૩/૦૩/૨૪ થી તા.૦૬/૦૩/૨૫ છે અને તેની ફરીયાદ તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ એટલે કે નવ માસ બાદ દાખલ કરવામાં આવેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદ જોતાં તે દસ્તાવેજી પુરાવા તેમજ હિસાબી ચોપડાને આધીન છે અને સીવીલ નેચરનો કેસ છે પરંતુ ફરીયાદીએ ઘણી બધી હકીકતો પોલીસના મેળાપીપણામાં પાછળથી ઉભી કરેલ હોય તેવુ જણાય છે અને અરજદાર/આરોપી ઉપર દબાણ લાવવા પોલીસ મશીનરીનો દુરઉપયોગ કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદી સાથે તેમની ઇનવોગ વીવ્સ તથા એકદંતા ફેબ્રીકસ પ્રા.લી. નામની ફર્મમાં કામ થયેલ છે અને તે પૈકીની અમુક રકમ ચુકવી આપેલ છે જે જોતાં સદરહુ કેસ કોમર્શીયલ ટ્રાન્ઝેકશનનો છે અને તેને ક્રિમીનલ સ્વરૂપ આપી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીએ નામદાર કોર્ટમાં ધી એન. આઇ.એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે જેની હકીકતો નામદાર કોર્ટથી છુપાવેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, સહઆરોપી વિકાસસીંગ વિજયસીંગ શેખાવતને ફો.પ.જા.અ.નં.૯૩૮/૨૦૨૬

થી તેમજ સહઆરોપી સુભાષચંદ્ર ઉદયલાલ તલેસરાને ફો.પ.જા.અ.નં.૧૦૫૫/૨૦૨૬ થી અત્રેની કોર્ટે જામીન મુકત કરેલ છે જેથી હાલના અરજદાર/આરોપીને પણ સમન્યાયના સિધ્ધાંતનો લાભ આપવા અરજ કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/ આરોપી ૭૨ વર્ષની ઉંમર ધરાવતા વૃધ્ધ ઇસમ છે અને સીનીયર સીટીઝન છે અને અરજીમાં જણાવેલ સરનામાના રહેવાસી છે અને સ્વતંત્ર મિલકત ધરાવે છે તેમજ અરજદાર/આરોપીના પિતા નાની મોટી બીમારીઓથી પીડાઇ રહેલ છે અને અરજદાર/આરોપી ઉપર તેમના પરીવારની જવાબદારી છે જેથી નાસી ભાગી જવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરશે અને ફરીયાદપક્ષના સાહેદોને તોડવા કે ફોડવાનો તેમજ લાભ લાલચ આપવાનો કે ધાક ધમકી આપવાનો કોઇ પ્રયત્ન કરશે નહિં.

અરજદાર/આરોપીએ તેમની અરજીમાં નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરી તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, હાલના અરજદાર/ આરોપીએ બીજા સહ આરોપીઓ સાથે મળી એકબીજાની મદદગારી કરી ફરીયાદી સાથે કાપડનો વેપાર કરી શરૂઆતમાં કાપડના રૂપિયા ચુકવી ફરીયાદીને વિશ્વાસમાં લઇ ફરીથી કાપડનો માલ મંગાવી કાપડના રૂપિયા નહિં ચુકવી ફરીયાદી સાથે છેતરપીંડી કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદી તથા સાહેદોને ધાકધમકી આપી ફરીયાદી સાથે ઝઘડો કરી ફરીયાદપક્ષના સાહેદોને

નુકસાન પહોંચાડે તેવી શકયતાઓ છે. તેમજ અરજદાર/આરોપી મુળ રાજસ્થાનના વતની હોય જામીન ઉપર મુકત થયેથી ટ્રાયલ દરમ્યાન મળી નહિં આવવાની પણ શકયતાઓ રહેલી હોય તેમજ હાલના અરજદાર/આરોપી અને અન્ય સહઆરોપી પિતાપુત્ર હોય જેથી જામીન ઉપર મુકત કર્યેથી ફરીથી તેઓ આવા ગુનાઓ આચરશે જેથી ગુનાની ગંભીરતા તથા અરજદાર/ આરોપીનો રોલ ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા તપાસ કરનાર અમલદાર દ્ધારા રજૂ આંક-૪ વાળું સોગંદનામું ધ્યાને લીધુ. હાલના અરજદાર/આરોપી સામે સારોલી પોલીસ સ્ટેશન પાર્ટ-”એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૭૨૫૦ ૮૪૩/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ ૩૧૬(૫), ૫૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.

આ કામે ફરીયાદીની ફરીયાદ જોતાં તેમાં જણાવેલ છે કે, સને-૨૦૨૪ ના જાન્યુઆરી મહિનામાં તેઓને નવીન શેખાવત મારફતે વિકાસસીંધ સાથે પરીચય થયેલ અને આ વિકાસ સીંધનાઓ કાપડ દલાલીનું કામ કરે છે અને તેઓએ દલાલ મારફતે હાલના આરોપીના પુત્ર દિપક સુભાષભાઈ તલસેરાનાઓ ની સાથે વાત કરેલાનું અને તેઓએ તેમની સાથે વેપારી હોય તેમની સાથે કામ કરવાનું દલાલ મારફતે નકકી કરેલ હતુ.

જેથી હાલના આરોપીઓ સાથે તેઓએ અલગ અલગ ફર્મ માંથી માલ ખરીદેલ અને તેના નાણાં ચુકવેલાનું જણાવેલ છે અને ત્યારબાદ એવુ પણ જણાવેલ છે કે તેઓની ફર્મ ઈનવોગ્સ વિંગસમાંથી લીધેલ માલના નાણાં રૂા.૪૦,૩૧,૧૮૩/- ચુકવી આપેલા નથી અને અન્ય ફર્મ એકદંતા ફેબ્રીકસ પ્રા.લી.ની ફર્મમાંથી લીધેલ માલના નાણાં રૂા.૨૩,૩૩,૯૧૪/- નહિં ચુકવેલાનું જણાવેલ છે. જયારે ઉપરોકત બંને ફર્મ માંથી તેઓ આરોપીઓએ લીધેલ માલના નાણાં

રૂ.૧,૪૧,૩૬,૬૩૭/- તથા રૂ.૨૫,૭૯,૨૫૮/- (કુલે રૂ.૧,૬૭,૧૫,૯૮૫) ચુકવેલાનું જણાવેલ છે. આમ, હાલના ફરીયાદી વેપારીએ આરોપીઓ સાથે માતબર રકમની કિંમતના માલનું વેચાણ કરેલ છે અને તેના નાણાં પણ ફરીયાદીએ મેળવેલા છે ત્યારે વિશ્વાસઘાત નહિં કરેલાની આરોપીનાં વિ.વ.શ્રીની દલીલ હાલના તબકકે ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે.

ફરીયાદ ઉપરથી એવુ જણાય છે કે, બંને આરોપી પિતા પુત્ર છે અને તેમના પુત્રએ ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓની દુકાન તેઓ સંભાળતા હોવાનું પણ જણાવેલ છે અને તેઓ અન્ય જગ્યાએ એટલે કે મહારાષ્ટ્રમાંથી વેપારી કામ કરતા હોવાનું પણ જણાવેલ છે.

વધુમાં હાલના ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, આરોપીની દુકાન બંધ હતી અને તેઓના ત્યાં બીજા વેપારીઓ ઉઘરાણીએ આવતા હોય અને તેમના દલાલ વિકાસસીંઘનાઓને ફોન કરતા તેઓએ સંતોષકારક જવાબ આપેલ નહિં જેથી હાલની ફરીયાદ કરેલ છે. જે જોતાં હાલના આરોપીનો રોલ સીમીત પ્રકારનો જણાય આવે છે.

હાલના અરજદાર/આરોપીની ઉંમર ૪૨ વર્ષ છે. તેઓ તા.૧૩/૦૧/૨૦૨૬ થી કસ્ટડીમાં છે. તેમજ હાલના ફરીયાદીએ બાકીના નાણા લેવા માટે આરોપીઓ સામે ફરીયાદ કરેલાનું જણાવેલ છે. જે કામે ત.ક.અ. એ તપાસ કરી ચાર્જશીટ કરી દીધેલ છે અને તેનો સીસી નં.૭૭૧૧/૨૦૨૬, તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ પડેલ છે. આમ, સદર નોંધાયેલ ગુનાની તપાસ હાલના અરજદાર/આરોપી સામે ત.ક.અ.એ પુર્ણ કરેલાનું જણાવેલ છે.

વધુમાં હાલના ફરીયાદીએ માતબર રકમના નાણાં મેળવી બાકીની રકમ મેળવવા માટે હાલની ફરીયાદમાં ગુનાની ગંભીરતામાં વધારો કરવા માટે સદરહુ કલમનો ઉપયોગ કરેલાનું આરોપીના

વિ.વ.શ્રીએ જે દલીલ કરેલ છે તે હાલના તબકકે ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે.

તેમજ સદર કામે અન્ય સહઆરોપીને જામીન મુકત કરવામાં આવેલ છે.

અરજદાર/આરોપી યુવાન ઉંમરના અને વેપારી વર્ગના ઈસમ જણાય છે. અરજદાર/આરોપી સામે તપાસ પુર્ણ થયેલ હોય વધુ સમય જયુડી.કસ્ટડીમાં મુકી રાખવા માટે ત.ક.અ.એ તેમના સોગંદનામાના પારા–૪૦ માં જણાવેલા મુદ્દાઓ જોતા તેઓએ શંકા વ્યકત કરેલી છે કે, ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકી આપશે તથા નાસી ભાગી જાય તેમ છે તથા હાલના આરોપી સામે ગંભીર ગુનો નોંધેલ હોવાનું જણાવેલ છે અને ફરીયાદીના નાણાંની ચીટીંગ ફરીવાર આચરશે તથા આર્થિક નાણાંની ઉચાપત કરશે તેવી શકયતાઓ જણાવી તથા ન્યાયપાલીકા ઉપરથી વિશ્વાસ ઉઠી જવાની શકયતાઓ જણાવેલ છે તે જોતાં ત.ક.અ.ના જણાવેલા મુદ્દાઓથી અરજદાર/ આરોપી વેપારી વર્ગનો ઈસમ હોય તેમજ તેઓ રાજસ્થાન મુકામે રહેતા હોય હાલના કેસના સંજોગો તથા રેકર્ડ જોતાં અરજદાર/આરોપીનાં વિ.વ.શ્રીની દલીલો ગ્રાહય રાખવા યોગ્ય જણાય છે. તેમજ ત.ક.અ.એ તેમના સોગંદનામામાં જે દહેશતો જણાવેલ છે તેને સખ્ત શરતો લાદી નિવારી શકાય તેમ છે.

આમ, હાલના અરજદાર/આરોપીની જામીન અરજી તથા સલંગ્ન પેપર્સની પ્રથમ દર્શનીય વિગતો અને અરજદાર/આરોપીના વિ. વ. શ્રીની દલીલ જોતા, નામદાર સર્વોચ્ચ તથા નામદાર વડી અદાલતના માર્ગદર્શક ચુકાદાઓમાં જામીન અંગેના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંત તેમજ, નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદા *Sanjay Chandra vs. C.B.I. reported in (2012) 1 SCC 40* માં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં અને અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની હાલની અરજીમાં જણાવેલા

ભગીરથસિંહ જાડેજા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં તથા જામીન ઉપર મુકત કરતી વખતે અદાલતે કેસના ગુણદોષ ઉપર નહિ ઉતરીને માત્ર કેસની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલો રોલ તથા સજા અંગેની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ. તેમજ પ્રર્વતમાન સંજોગો ધ્યાને લેતાં સદર કેસની કાર્યવાહી ચાલીને પૂર્ણ થવામાં સમય જાય તેમ છે અને ત્યાં સુધીમાં અરજદાર/આરોપીને જયુડિશિયલ કસ્ટડીમાં રાખી મૂકવાનું આ કામે હાલ ઉચિત જણાય આવતું નથી. આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને બી.એન.એસ. એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૩૯૫/૨૦૨૬ **મંજૂર** કરવામાં આવે છે.

સારોલી પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧ ૦૦૬૭૨૬૦૧૩૬/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ ૩૧૬ (૫), ૫૪ મુજબના ગુનાના કામે હાલના અરજદાર/આરોપી નાઓએ **રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત કોર્ટમાં સંતોષકારક જણાય તે રીતે રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

<u>**શરતો–**</u>

૧. અરજદાર/આરોપીએ આજ કે આવા કોઈપણ પ્રકારના ગુન્હામાં પોતાની જાતની સંડોવણી થાય તેવું કૃત્ય કરાવવું નહીં.

૨. અરજદાર/આરોપીએ સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૩. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે કેસને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં.

૪. અરજદાર/આરોપી પોતે જયાં રહેતાં હોય તે રહેણાંકનું હંગામી તથા કાયમી વિગતવારનું સરનામું ત. ક. અમલદાર શ્રી તથા સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટમાં આધાર પુરાવા સહિત રજૂ કરવું.

૫. અરજદાર/આરોપી માટે જામીન થનાર વ્યક્તિ બીજા કોઇ કેસમાં કોઇના પણ જામીન થયેલા હોવા જોઇએ નહિ.

૬. અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં તપાસ માટે બોલાવે ત્યારે હાજર રહેવું.

ઉપરોક્ત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આરોપીના જામીન આપો આપ રદ્દ થયેલા ગણાશે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજરોજ તારીખઃ **૧૦**મી, માહે–**માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat. (Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)